ક્રીમીનલ કેસ નં.૨૯૬૦–૧૯૯૩

<u>આંક–૧ હેઠળ હુકમ</u>

આ કામે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૨૦ મુજબનો ગુનો નોંધાયેલો અને તે અન્વયે ચાર્જશીટ થયેલી. ત્યારબાદ આંક–૬ થી તહોમતનામુ ફરમાવેલું અને ફરિયાદીને સમન્સ કરતાં ફરિયાદી હાજર થયેલ અને આંક–૩૨ થી તા.૨૬–૭–૯૬ નાં રોજ ફરિયાદીની જુબાની લીધેલી, જેમાં ફરિયાદીએ જણાવેલ છે કે, એડમીશન મળેલું નથી, પરંતુ તેના પૈસા તેને પરત મળી ગયેલા છે. આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે. કેસ આગળ ચલાવવો નથી. આમ, આ જુબાનીને ધ્યાને રાખતાં ફરિયાદી અને આરોપીને જે–તે સમયે સમાધાન થઈ ગયેલું હતું, પરંતુ જે–તે સમયે ઓર્ડર કરવાનો બાકી રહી ગયેલો હતો અને આરોપી ઘણાં સમયથી મળતો ન હોય, જેથી કેસ ડી.એફ. ઉપર મુકવામાં આવેલો. રેકર્ડ જોતાં જણાય છે કે, ફરિયાદીને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ છે, જેથી સી.આર.પી.સી. કલમ–૩૨૦ મુજબ ઈ.પી.કો.કલમ–૪૦૬, ૪૨૦ નો ગુનો સમાધાનલાયક ન હોય, ફરિયાદીની જુબાનીને આધારે સમાધાન ગ્રાહય રાખી આરોપીને સમાધાનથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૧૧–૦૯–૨૦૨૧

( વનરાજસિંહ આપાભાઈ ધાધલ )
કોડ નં. જી.જે.૦૦૮૯૧
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ(ગ્રામ્ય)મીરઝાપુર.